# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-01-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગિની સોનારા વાંચે છે.

**************************************************

1) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું , મજબૂત ભારત-યુરોપિયન સંઘ સંબંધો વૈશ્વિક અર્થતંત્રને જોખમથી મુક્ત કરશે

2) ઝારખંડના પશ્ચિમ સિંહભૂમ જિલ્લામાં નક્સલ વિરોધી કાર્યવાહીમાં 15 માઓવાદીઓ માર્યા ગયા

3) જમ્મુ કશ્મીરના ડોડામાં ટ્રક ખીણમાં ખાબકતા દસ જવાનોના મોત

4) 100 કરોડ રૂપિયાની નકલી ITC છેતરપિંડી મામલે, પશ્ચિમ બંગાળ, મણિપુર અને ઝારખંડમાં EDના દરોડા

5) મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં , આજે યુપી વોરિયર્સ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે મુકાબલો

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# JAISHANKAR EU AMBASSADORS

વિદેશ મંત્રી ડૉ . એસ. જયશંકરે આજે ભાર મૂક્યો હતો કે મજબૂત ભારત - યુરોપિયન સંઘ -EU સંબંધો મજબૂત પુરવઠા શૃંખલા પર સહયોગ કરીને વિશ્વ અર્થતંત્રને જોખમથી મુક્ત કરશે અને મજબૂત વેપાર , ગતિશીલતા અને સુરક્ષા ભાગીદારી દ્વારા વૈશ્વિક વ્યવસ્થાને સ્થિર કરશે.

નવી દિલ્હીમાં EU દેશોના રાજદૂતો સાથે વાતચીત કરતા , ડૉ. જયશંકરે તેમની સાથે વિશ્વની વર્તમાન સ્થિતિ વિશે વાત કરી . સોશિયલ મીડિયા સંદેશમાં, ડૉ. જયશંકરે જણાવ્યું, તેમણે મજબૂત ભારત EU સંબંધો માટે એક કેસ રજૂ કર્યો છે જે HADR, ચાંચિયાગીરી વિરોધી કામગીરી અને વિકાસ પ્રોજેક્ટ્સ પૂરા પાડીને આંતરરાષ્ટ્રીય સમુદાયને ખાતરી આપશે.

. . .

# AMIT SHAH-UTTARAKHAND

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું , ભારતનું પુનર્નિર્માણ ફક્ત દેશ માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના કલ્યાણ માટે પણ જરૂરી છે.

ઉત્તરાખંડના હરિદ્વારમાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના શતાબ્દી સમારોહને સંબોધતા શ્રી શાહે કહ્યું કે સ્વામી વિવેકાનંદ , મહર્ષિ અરવિંદ અને પંડિત શ્રીરામ શર્મા જેવા મહાન સ્વપ્નદ્રષ્ટાઓએ એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે જ્યારે ભારત તેની સંપૂર્ણ આધ્યાત્મિક અને બૌદ્ધિક શક્તિ સાથે જાગૃત થશે, ત્યારે તે સમગ્ર વિશ્વ અને બ્રહ્માંડને પ્રકાશિત કરશે.

તેમણે કહ્યું, જે લોકો સનાતન ધર્મ, ભારતીય સંસ્કૃતિ અને દેશના ઇતિહાસને સમજે છે તેઓ દ્રઢપણે માને છે કે વિશ્વની સમસ્યાઓનો ઉકેલ ભારતની પ્રાચીન પરંપરાઓમાં રહેલો છે.

(બાઇટ : AMIT-SHAH)

. . . . . . .

# EVE. JHARKHAND-MAOISTS ENCOUNTER

ઝારખંડના પશ્ચિમ સિંહભૂમ જિલ્લાના સારંડા જંગલમાં આજે નક્સલ વિરોધી કાર્યવાહીમાં 15 માઓવાદીઓ માર્યા ગયા. માર્યા ગયેલા લોકોમાં પતિરામ માંઝી ઉર્ફે અનલ , જેના પર એક કરોડ રૂપિયાનું ઇનામ હતું , અને રાજેશ મુંડા અને બુલબુલ, દરેક પર 2 લાખ રૂપિયાનું ઇનામ હતું, તેઓ સામેલ છે.

ચૈબાસાના પોલીસ અધિક્ષક , અમિત રેણુએ જણાવ્યું હતું કે , અથડામણ જરૈકેલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થઈ. સ્થળ પરથી શસ્ત્રો અને અન્ય સામગ્રી મળી આવી છે, જ્યારે જંગલ વિસ્તારમાં હજુ પણ શોધખોળ કામગીરી ચાલુ છે.

. . . . . . . . . . . . .

# DODA-ACCIDENT

જમ્મુ અને કાશ્મીરના ડોડા જિલ્લામાં આજે એક માર્ગ અકસ્માતમાં દસ જવાનોએ પોતાના જીવ ગુમાવ્યા અને અન્ય 11 ઘાયલ થયા. ભાદરવાહ-ચંબા આંતરરાજ્ય માર્ગ પર નવ હજાર ફૂટ ઊંચી ખન્ની ટોચ પર સેનાનો એક ટ્રક લપસી જતાં ઊંડી ખીણમાં ખાબક્યો. સેના અને પોલીસ દ્વારા તાત્કાલિક સંયુક્ત બચાવ કામગીરી શરૂ કરવામાં આવી.

ચાર સૈનિકો ઘટનાસ્થળે જ મૃત હાલતમાં મળી આવ્યા બાદમાં અન્ય છ સૈનિકોનું પણ મોત નીપજ્યું હતું. ઘાયલ સૈનિકમાંથી એક ભાદરવાહ સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં દેખરેખ હેઠળ છે જ્યારે 10 સૈનિકોને ખાસ સારવાર માટે ઉધમપુર કમાન્ડ હોસ્પિટલમાં એરલિફ્ટ કરાયા. ઉપરાજ્યપાલ મનોજ સિન્હા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આ અકસ્માત પર શોક વ્યક્ત કર્યો.

. . . . .

# RAJNATH- DODA ACCIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃ ષ્ણન અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે જમ્મુ અને કાશ્મીરના ડોડા જિલ્લામાં થયેલા દુ:ખદ માર્ગ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે . સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી સિંઘે કહ્યું કે ઘાયલ સૈનિકોને તબીબી સંભાળ મળી રહી છે અને શ્રેષ્ઠ શક્ય સારવાર સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી દિશાનિર્દેશો આપવામાં આવ્યા છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા તેમણે કહ્યું કે આ મુશ્કેલ સમયમાં દેશ સશસ્ત્ર દળો અને તેમના પરિવારો સાથે ઉભો છે.

ઘટના અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ શોક વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે અકસ્માતમાં જીવ ગુમાવનારા બહાદુર સૈનિકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

. . . . . . . . . . . . .

# PRAGATI - SPECIAL STORY

પ્રધાનમંત્રીના સક્રિય શાસન અને સમયસર અમલીકરણ માટેના મુખ્ય મંચ , 'પ્રગતિ'એ તેની 50મી બેઠકના સફળ આયોજન સાથે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાંસલ કરી છે. આજે, આ ખાસ શ્રેણીમાં, આપણે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ અંગે સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનો પહેલો તબક્કો 31 જાન્યુઆરીની સમયમર્યાદા પહેલા જ ડિસેમ્બર 2024માં સંપૂર્ણ કાર્યરત થયો છે. પ્રધાનમંત્રીના પ્રગતિ' દેખરેખ પ્રણાલી હેઠળ આ પ્રોજેક્ટની બે વખત ઉચ્ચસ્તરીય સમીક્ષા કરવામાં આવી હતી. જેના પરિણામે જમીન સંપાદન અને પુનર્વસન જેવા જટિલ પ્રશ્નોનો ઝડપી ઉકેલ આવ્યો. 17 નવેમ્બર 2014નો રોજ મંજૂર થયેલો અને 12 હજાર 924 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલો આ તબક્કો કુલ 40 કિલોમીટરનું અંતર આવરી લે છે. આ તબક્કો ગુજરાતના સૌથી મોટા મેટ્રોપોલિટન ક્ષેત્ર માટે ટકાઉ શહેરી ગતિશીલતામાં પરિવર્તનશીલ છલાંગ દર્શાવે છે. મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ

. . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . .

# ED-SEARCHES

100 કરોડ રૂપિયાના નકલી ઇનપુટ ટેક્સ ક્રેડિટ- ITC છેતરપિંડી મામલે , પ્રવર્તન નિદેશાલય-ED એ પશ્ચિમ બંગાળ, મણિપુર અને ઝારખંડમાં 10 સ્થળોએ શોધ અભિયાન હાથ ધર્યું છે. આ અભિયાન પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ-PMLA, 2002 હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું.

ED એ CGST અને સેન્ટ્રલ એક્સાઇઝ, ઇટાનગર કમિશનરેટ દ્વારા અરુણાચલ પ્રદેશના સિદ્ધિ વિનાયક વેપારી સામે નોંધાવેલી ફરિયાદના આધારે તપાસ શરૂ કરી હતી, જે તેના જાહેર કરેલા સરનામે અસ્તિત્વમાં ન હોવાનું જાણવા મળ્યું હતું. તપાસમાં જાણવા મળ્યું છે કે પેઢીએ ઓક્ટોબર 2023 થી માર્ચ 2024 દરમિયાન , 11 અલગ અલગ રાજ્યોમાં નોંધાયેલી 58 પ્રાપ્તકર્તા સંસ્થાઓને છ મહિનામાં 658 કરોડ રૂપિયાથી વધુના કરપાત્ર મૂલ્યના કુલ 15 હજાર 258 નકલી બિલ જારી કર્યા હતા.

. . .

# SC-BASANT PANCHAMI-MP

સર્વોચ્ચ અદાલતે મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં વિવાદિત ભોજશાળા -કમલ મૌલા મસ્જિદમાં આવતીકાલે વસંત પંચમી પર હિન્દુ સમુદાયને સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી પ્રાર્થના કરવાની મંજૂરી આપી છે , જ્યારે મુસ્લિમોને બપોરે એક વાગ્યાથી ૩ વાગ્યા સુધી નમાઝ પઢવાની મંજૂરી આપી છે.

અદાલતે એવો પણ નિર્દેશ આપ્યો છે કે નમાઝ માટે આવનારા મુસ્લિમ સમુદાયના લોકોની યાદી જિલ્લા વહીવટીતંત્રને આપવામાં આવે . બંને સમુદાયોએ શુક્રવારે ભોજશાળા સંકુલમાં ધાર્મિક પ્રવૃત્તિઓ માટે મંજૂરી માગી હતી.

દેશના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ પંચોલીની બનેલી ખંડપીઠે બંને પક્ષોને પરસ્પર આદર જાળવવા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે રાજ્ય અને જિલ્લા વહીવટીતંત્ર સાથે સહયોગ કરવાની અપીલ કરી હતી.

. . .

# NOTIFICATION-GREENHOUSE

કેન્દ્ર સરકારે કાર્બન ક્રેડિટ ટ્રેડિંગ સ્કીમ -CCTS હેઠળ વધારાના કાર્બન-સઘન ક્ષેત્રો માટે ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન તીવ્રતા લક્ષ્યોને સૂચિત કર્યા છે.

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે જણાવ્યું હતું કે આ ક્ષેત્રોમાં કુલ 208 એકમોને હવે નિર્દિષ્ટ ઉત્સર્જન તીવ્રતા ઘટાડા લક્ષ્યોને પૂર્ણ કરવાના રહેશે. આ વિસ્તરણ સાથે, ભારતીય કાર્બન બજારની પાલન પદ્ધતિ હવે ભારતના સૌથી વધુ ઉત્સર્જન-સઘન ઉદ્યોગોમાં 490 એકમોને આવરી લે છે.

. . . . . . . . .

# TRUMP-BOARD OF PEACE

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આજે દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ ખાતે બોર્ડ ઓફ પીસ પહેલને ઔપચારિક રીતે શરૂ કરવા માટેના ચાર્ટર પર હસ્તાક્ષર કર્યા , અને તેને વૈશ્વિક સંઘર્ષના નિરાકરણ તરફ એક મોટું પગલું ગણાવ્યું. શ્રી ટ્રમ્પે આ દિવસને એક ઐતિહાસિક દિવસ ગણાવ્યો અને કહ્યું કે વિશ્વમાં શાંતિ સ્થપાઈ રહી છે . તેમના પ્રારંભિક ભાષણમાં , યુએસ પ્રમુખે કહ્યું કે , યુક્રેનમાં રશિયાના યુદ્ધને સમાપ્ત કરવા તરફ ઘણી પ્રગતિ થઈ છે . લગભગ 35 દેશોએ જોડાવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી , જ્યારે 60 દેશોને આમંત્રણો મળ્યા હતા.

. . . . . . .

# EVE. CRICKET – WPL

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, આજે વડોદરાના કોટંબીના બીસીએ સ્ટેડિયમ ખાતે યુપી વોરિયર્સ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે મેચ રમાઈ રહી છે . યુપી વોરિયર્સે ટોસ જીતી પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે . છેલ્લા અહેવાલ પ્રમાણે ગુજરાત જાયન્ટ્સના 4 ઓવરમાં 1 વિકેટે 38 રન થયા છે.

. . . . . . .

# INDIA AFGHANISTAN

કેન્સરના દર્દીઓની તાત્કાલિક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ભારતે આજે અફઘાનિસ્તાનના કાબુલમાં 7.5 ટન જીવનરક્ષક કેન્સર દવાઓ પહોંચાડી . વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારત અફ ઘાનિસ્તાનના મૈત્રીપૂર્ણ લોકોને સહાય આપવા માટે પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . . . . . .

# PMGSY-PROJECTS

કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના- 4 હેઠળ જમ્મુ અને કાશ્મીર , છત્તીસગઢ, ઉત્તરાખંડ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને સિક્કિમ માટે 10 હજાર કિલોમીટરથી વધુ લાંબા માર્ગોને મંજૂરી આપી છે.

ગ્રામીણ વિકાસ મંત્રાલયે જણાવ્યું હતું કે આ રસ્તાઓના નિર્માણ સાથે , અગાઉ અલગ પડેલા આશરે ત્રણ હજાર 270 રહેઠાણોને કનેક્ટિવિટી અને મહત્વપૂર્ણ સેવાઓની સુવિધા મળશે.

મંત્રાલયના જણાવ્યા મુજબ, આ યોજનાનો ઉદ્દેશ બિનજોડાણવાળા રહેઠાણોને 62 હજાર 500 કિલોમીટરના બારમાસી રસ્તાઓ પૂરા પાડવાનો છે.

. . . . .